GJBK040022542023

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૧૨/૦૫/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખઃ | ૧૨/૦૫/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખઃ | ૨/૪/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૨ | ૧૦ | ૨૧ |

सत्यमेव जयते

**<u>ડીસા તાલુકાના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં</u>**

**<u>ક્રિમીનલ કેસ નંબર.૧૬૯૭/૨૦૨૩</u>**
**<u>આંક</u> :૫૨**

| | | |
|---|---|---|
| <u>ફરિયાદી</u> | : | **ભારમલજી કુંવરજી મકવાણા(ઠાકોર)**<br>ઉ.વ.આ.૪૦, ધંધો–ખેતી<br>રહે. ફતેપાટી, ડેર, તા. જી. પાટણ |
| | | <u>વિ રૂ દ્ધ</u> |
| <u>આરોપી</u> | : | **મોહનભાઈ ભીખાભાઈ દેસાઈ**<br>ઉ.વ.આ.૩૮, ધંધો–ખેતી તથા વેપાર<br>રહે. ઝાબડીયા, રામપુરાના પાટીયા પાસે,<br>તા. ડીસા, જિ. બનાસકાંઠા |

| | | |
|---|---|---|
| <u>બાબત</u> | : | **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...** |

| | | |
|---|---|---|
| ફરિયાદી તરફે | : | વિ. વકીલશ્રી.પી.સી. સુંદેશા |
| આરોપી તરફે | : | વિ. વકીલશ્રી.આર.જી. દેસાઈ |

**||| <u>ઠ રા વ</u> |||**

**<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,</u>**

(૧) આ કામે ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના અંગે દાખલ કરી ફરિયાદમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદી મુળ ડેરના રહેવાસી છે પરંતુ ફરીયાદીના મામા લુણપુર મુકામે રહેતા હોઈ અને ફરીયાદી ખેતી કરવાના આશયથી લુણપુર મુકામે તેમના મામાના ઘરે રહેતા હતા અને ઉધ્ધડથી ખેતીની જમીનો રાખી ખેતી કરતા હતા તેમજ લુણપુર મુકામે પાન બીડીનો ગલ્લો પણ ધરાવતા હતા. આ કામના આરોપી ઝાબડીયાના રહેવાસી હોઈ અને અવાર નવાર ફરીયાદીના ગલ્લા ઉપર આવતા જતા હોઈ તેમજ ખેતીના કામકાજ માટે અવારનવાર ફરીયાદીને મળવાનું થતું હોઈ જેથી આરોપી અને ફરીયાદી વચ્ચે ગાઢ મિત્રતાના સબંધો સ્થાપિત થયેલ અને આરોપી ખેતી તથા સાથે સાથે પશુ લે વેચનો ધંધો કરે છે. આરોપીને પશુ ખરીદવા હોઈ જેથી તે માટે રુા.૨૫,૦,૦૦૦/– ની જરુર પડતાં ફરીયાદીએ આરોપીને રુા.૨,૫૦,૦૦૦/– હાથ ઉછીના આપેલા અને તે સમયે આરોપીએ એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદરહું રકમ થોડાક સમયમાં ચુકવી આપશે. પરંતુ આરોપીએ આપેલ વાયદા અનુસાર ફરીયાદીએ આરોપી પાસે રુા.૨,૫૦,૦૦૦/–ની ઉઘરાણી કરતાં આરોપીએ સદરરકમ ચુકવવા માટે તેમના ઈન્ડીયન ઓવરસીઝ બેંક, પાટણ શાાનો ચેક નં. ૬૭૮૩૬૮ તા. ૧૯/૯/૨૨ ના રોજનો રુા.૨,૫૦,૦૦૦/– નો ચેક તેમની સહી કરી ફરીયાદીન નામનો આપેલો અને તે વખતે પણ આરોપીએ એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચક બેંકમાં જમા ભરશો તો ચેકની રકમ મળી જશે જેથી ફરીયાદીએ સદર ચેક સ્વીકારેલો અને સદર ચેક ફરીયાદીએ સર્વોદય કોર્મશીયલ કો.ઓ. બેંક લી.ડીસા શાખામાં તા.

૨૦/૯/૨૨ ના રોજ ભરતાં સદર ચેક આરોપીના ખાતામાં કલીયરીંગ અર્થે જતાં આરોપીના ખાતામાં પુરતા નાણાં ન હોવાથી સદર ચેક ફંડસ ઈનસફીસીયન્ટના શેરા સાથે તા.૨૦/૯/૨૨ ના રોજ પરત આવેલ જે અંગેની જાણ બેંકે ફરીયાદીને કરેલ જેથી ફરીયાદીએ વકીલ મારફતે આરોપીને તા. ૧ ૮ /૧૦/૨૨ ના રોજ રજી.પો.એ.ડી થી નોટીસ મોકલેલ જે નોટીસ તા.૧૯/૧૦ /૨૨ ના રોજ આરોપીને બજી ગયેલ તેમછતાં આરોપીએ ફરીયાદીની સદરહુ ચેકની રકમ આજદીન સુધી ફરીયાદીને ચુકવી આપેલ ના હોઈ ફરીયાદ દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. આમ આરોપીએ પોતાના ખાતામાં અપુરતુ ભંડોળ રાખી, ચેકની રકમ ના આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઈ ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ હોય, આ કામના આરોપી સામે વોરંટ કાઢી પકડી મંગાવી યોગ્ય નશ્ચત કરવા તથા ફરિયાદીને ચેકની રકમ વ્યાજ સહીતની આરોપી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૦,કલમ–૨૦૪, કલમ–૨૦૭ તથા કલમ–૨૫૧ મુજબની કાર્યવાહી:–**

(૨) આ કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામના ફરિયાદી ધ્વારા અત્રેની અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવતાં અત્રેની અદાલત ધ્વારા ફરિયાદીનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ–૨૦૦ મુજબનું વેરીફીકેશન સ્ટેટમેન્ટ નોંધી, આ કામના આરોપી સામે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૪ મુજબનું ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનાનો પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતાં આ કામના આરોપી તેમના વકીલશ્રી સાથે અત્રેની

અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફરિયાદ તથા સંલગ્ન દસ્તાવેજોની નકલો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ, આરોપીની ઉપરોકત ગુના સંદર્ભે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૫૧ મુજબ **આંક–૧૨ થી** આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ તેની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. તેથી આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસની રીતે ચલાવવામાં આવેલ છે અને તે રીતે હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસની રીતે ચાલેલ છે.

**ફરિયાદપક્ષ તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ**:–

(૩) આ કામે ફરિયાદપક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ભારમલજી કુંવરજી મકવાણા(ઠાકોર)ની સરતપાસનું સોગંદનામું | ૪ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | તકરારી ચેક નં. ૬૭૮૩૬૮ અસલ | ૦૭ |
| ૨. | ચેક રીટર્ન મેમો | ૦૮ |
| ૩. | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૦૯ |
| ૪. | આરોપીને નોટીસ રજી.પો.એડીથી મોકલેલ તેની પાવતી | ૧૦ |
| ૫. | પોસ્ટ વિભાગનો કન્સાઈનમેન્ટ લેટર | ૧૧ |

(૩.૧) ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૨૫ થી** કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**<u>આરોપીપક્ષ તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ</u>**:–

(૪) આ કામે આરોપીપક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ રમેશભાઈ ભીખાભાઈની સરતપાસનું સોગંદનામું | ૩૭ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | આ કામના ફરીયાદી વિરુધ્ધ આપેલ ફરીયાદની નકલ | ૩૫ |

(૪.૧) ત્યારબાદ આરોપીપક્ષે **આંક–૪૫ થી** કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**<u>આરોપીનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબનું નીવેદન</u>**:–

(૫). હાલના કામે આરોપીનુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩(૧) મુજબનું નિવેદન લેતાં, તેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે,'' અમારા ઉપર ઠગાઈ કરી અમારા અમરસીંહભાઈ ઘરે હોવાથું તેમને વિશ્વાસાં રાખી અમારી ચેકબુક લઈ અને ખોટો ચેક ભરેલ છે.''

**<u>ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફેની ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૪ મુજબની દલીલો</u>**:–

(૬) આ કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી. પી.સી.સુંદેશાએ એવી મૌખિક દલીલ કરેલ છે કે આરોપીને પશુ ખરીદવા ફરીયાદીએ રુા.૨,૫૦,૦૦૦/– રોકડા આપેલા જેની ચુકવણી માટે આરોપીએ આંક–૭ વાળો તા. ૧૯/૯૨૨ ના રોજનો ચેક તેની સહી કરીને ફરીયાદીના નામનો આપેલો.જે ચેક ફરીયાદીએ વટાવવા માટે ભરતાં સદર ચેક ફંડસ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત આવેલો જેથી ફરીયાદીએ આંક–૯ વાળી નોટીસ આપેલ જે નોટીસનો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી પરંતુ આ કેસનો આરોપીને સમંસ બજતાં આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે પરંતુ ચેકમાંની સહી બાબતે કોઈ તકરાર લીધેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે સદર કહેવાતા ચેકો ફરીયાદીએ આરોપીના ભાઈ પાસેથી લીધેલા છે. આરોપીના ભાઈ રમેશભાઈનો પુરાવો આંક–૩૭ થી રજુ કરેલ છે.આ સોહદની ઉલટ તપાસ ફરીયાદપક્ષે લેવામાં આવેલ છે.જેમાં તેઓએ કબુલ કરેલ છે કે ફરીયાદી અને આરોપી વચ્ચેનો કોઈ વ્યવહાર તેઓ જાણતા નથી.તેઓને આ ફરીયાદી સાથે કોઈ લેવા દેવા નથી.વધુમાં દલીલમાં જણાવેલ છે કે તામ અસલ દસ્તવોજો આ કામે રજુ કરેલા છે અને ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજોથી સ્પષ્ટ રીતે પુરવાર થાય છે કે આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો કરેલ છે. આરોપીપક્ષે પોતાનો કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. જેથી આરોપી પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે પણ પુરવાર કરવામાં સફળ થયેલા નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબની પુરતી સજા કરવા દલીલ કરેલ છે.

(૬.૧) આરોપીના વિધ્વાન વકીલશ્રી.આર.જી.દેસાઈએ આંક–૫૧ થી લેખીત દલીલો રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે અને વધુમાં મૌખીક

દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના આરોપી પાસે કોઈ લેણુ નથી. કોઈ વસ્તુ માગતા નથી. આરોપી એક વર્ષ અગાઉ બહારગામ ગયેલ હોય તે વાતની ખબર હોવાથી આ કામના ફરીયાદી આરોપીના ઘરે આવેલા તે વખતે તેમના ભાઈ રમેશભઈ ઘરે હતા તે વખતે ફરીયાદીએ કહેલ કે તમારા ભાઈ કયાંક ફસાઈ ગયેલ છે માટે તમારા ભાઈની મને ચેકબુક આપો.આમ રમેશભાઈ અભણ હોવાથી અને ફરીયાદીને ઓળખતા હોય અને ફરીયાદીએ કહેલ કે તમારા ભાઈને ચેક બુકની જરુર પડેલી છે માટે ચેકબુક આપેલ. આમ રમેશભાઈને ભોળવીને આ કામના ફરીયાદીએ મોહનભાઈની સહી વાળી ચેક બુક લીધેલ અને બીજે દિવસે આ કામના આરોપી ઘરે આવતા રમેશભાઈએ કહેલ કે આ કામના ફરીયાદી તેમના પાસેથી ચેક બુક માંગતાં ઘરમાં પડેલ ચેકો તેઓએ ફરીયાદીને આપેલ છે. આ વાતની જાણ થતાં આરોપી ચિંતામાં આવી ગયેલ અને ફરીયાદ આપેલી. જે ફરીયાદ કોર્ટમાં રજુ કરેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે ફરીયાદીએ આરોપીને આપેલ નોટીસનો જવાબ પણ આરોપીએ આપેલ છે અને ચેક બાબતના જામીન પણ ડીસા રુરલ પો.સ્ટે.મા આપેલા છે. આમ ફરીયાદીએ ઠગાઈ કરીને આરોપીના ભાઈ પાસેથી આરોપીની સહી વાળો ચેકો લઈ ગયેલ હોઈ જેથી ફરિયાદ વાળો વ્યવહાર શંકાસ્પદ જણાતો હોય,આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

<u>નિર્ણય માટેના મુદ્દા</u>:-

(૭).. હાલના કામે ઉપરોકત હકીકતો, સંજોગો, ઉભયપક્ષોની રજુઆતો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થાય છે.

:: મુ દ્દા ::

(૧) શું ફરિયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ કાયદેસરનુ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળો ચેક ફરિયાદીને આપેલ અને તે ચેક નિયત સમયમાં ફરિયાદીએ બેંક સમક્ષ રજુ કરતા તે ચેક ચૂકવણી કર્યા વિના પરત ફરેલ છે અને તે અંગે ફરીયાદીએ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકની રકમની માંગણી કરવા છતાં આરોપી નિયત સમયમાં સદરહું રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**<u>મુદ્દાઓ પરત્વે નિર્ણય</u>:-**

(૮). ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>કાયદાકીય જોગવાઈઓ:</u>-**

(૯) હાલના કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી નાઓનું આંક-૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે.

ફરીયાદીએ તેમના સરતપાસના સોગંદનામામાં ફરીયાદ મુજબની હકીકતો સોગંદ પર દોહરાવેલ છે.

સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉ.ત.માં જણાવેલ છે કે '' હું હાલમાં ખેતીનો ધંધો કરું છું.હું ખેતર .ઘડ રાખીને ખેતી કરું છું. અને વાત ખરી છે કે લુણપુર મુકામે મારે પોતાની જમીન નથી. મારી ખેતીની આવક બાર મહીને ખર્ચ કાઢતાં બે થી અઢી લાખની છે. લુણપુર મુકામે મારે પોતાનુ મકાન નથી. હું લુણપુર મુકામે ભાડે નહી પરંતુ મારા મામાના ત્યાં રહેતો હતો. એ વાત ખરી છે કે તા. ૧૨/૯/૨૧ ના રોજ સાંજના ચાર વાગ્યાના સુમારે આ કામના આરોપી મોહનભાઈના ભાઈ રમેશભાઈ પાસેથી હું બે ચેક લઈ ગયેલો. એ વાત ખરી છે કે તે સમયે આરોપી હાજર ન હતા. એ વાત ખરી નથી કે તે સમયે આરોપી દીયોદર તાલુકાના કુંવાતા ગામે ગયેલા હતા. એ વાત ખરી છે કે આરોપીના ભાઈ રમેશભાઈ અભણ છે. એ વાતની મને ખબર નથી કે તા. ૧૪/૯/૨૧ ના રોજ હું બે ચેક છેતરપીંડી કરીને લઈ ગયેલ તે બાબતે મોહનભાઈએ ડીસા રુરલ પો.સ્ટે.માં મારી વિરુધ્ધ ફરીયાદ આપેલી કે કેમ. એ વાત ખરી છે કે ડીસા રુરલ પોલીસ સ્ટેશનમાંથી જમાદાર સાહેબનો મારા ઉપર ફોન આવેલો અને હું ચેક લઈને ગયેલો તે બાબતે તેમણે મને પુછેલું કહેવાતા વ્યવહારનો કોઈ દસ્તાવેજી પુરાવો મે આરોપી પાસેથી લીધેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા વ્યવહારના પૈસા કયાંથી લાવેલા તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો આકામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીને મે આપેલ માંગણા નોટીસનો આરોપીએ મને જવાબ મોકલાવેલો. એ વાત ખરી છે કે તેમાં આરોપીએ મારી સામે ડીસા રુરલ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ હોવા અંગેનું વર્ણન કરેલું. તા. ૧૯/૯/૨૨ ના રોજ મે બે ચેક પૈકીના હાલના કેસ વાળો ચેક બેંકમાં ભરેલો. મને આંક–૭ વાળો

ચેક બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં લખાણ અને સહીના ખક્ષરોમાં તફાવત જણાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મોહનભાઈએજ ચેક લખને આપલો. એ વાત ખરી નથી કે મારે આરોપી પાસેથી કોઈ રકમ લેણી થતી ન હોવાછતાં હાલનો ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. ''

(૧૦) સદર કામે આરોપીપક્ષે સાહેદ રમેશભાઈ ભીખાભાઈ દેસાઈનું આંક–૩૭ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ એવી હકીકતો જણાવેલ છે કે તેઓ આરોપીને ઓળખે છે અને આરોપી ફરીયાદીના નાના ભાઈ થાય છે તેમજ આ કામના ફરીયાદીને પણ તેઓ ઓળખે છે. તેમના ભાઈ એટલે કે આ કામના આરોપી પશુપાલન તથા ખેતીના ધંધા સાથે સંકળાયેલા હોઈ જેથી આ કામના ફરીયાદી અવારનવાર તેમના ઘરે અમરાભાઈને મળવા માટે આવતા જતા હોઈ અને આથી તેમની સાથે પણ મુલાકાત અવારનવાર થતી રહેતી હોઈ જેથી તેઓ ફરીયાદીને ઓળખે છે. આ કામન આરોપી તેમના ભાઈ તા. ૧૨/૯/૨૨ ના રોજ દિયોદર મુકામે ગામ કુવાતા ગાયો ભેંસોની ઉઘરાણી બાબતે ગયેલા હતા અને તે હકીકતથી આ કામના ફરીયાદી સંપુર્ણપણે માહીતગાર હતા અને તે દિવસે એટલે કે તા. ૧ ૨/૯/૨૧ ના રોજ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી તેમના ઘરે તેમનો મલીન ઈરાદો પાર પાડવા માટે કરીને આવેલા અને તેઓને મળેલા અને જણાવેલ કે '' તમારા ભાઈ મોહનભાઈને પૈસાની જરુર પડેલ છે જેથી મને તમારા પાસે મોકલેલ છે અને તમારા ઘરમાં મોહનભાઈની ચેક બુક પર સહી કરેલી તે ચેક બુકમાંથીમને બે ચેક આપો જથી હું મોહનભાઈને પહોંચાડું '' આમ જણાવતાં તેઓએ ફરીયાદીને જણાવેલ કે '' હું અભણ છું અને આમા મને કંઈ પણ ખબર પડતી નથી પણ આ ચેક

બુકમાંથી તમે તો વિશ્વાસુ છો કોઈ પણ ખોટું કરવાના નથી જેથી આ ચેક બુકમાંથી મોહનભાઈના સહી કરેલા બે ચેક છે તે તમે લઈ જાઓ'' તે મુજબ આ કામના ફરીયાદી તેમના ભાઈની જાણ બહાર તેઓને ભોળવી અને ખોટી રીતે બે ચેકો લઈ ગયેલા. વધુમાં સોગંદ ઉપર જણાવેલ છે કે તેમના ભાઈ એટલે કે આ કામના આરોપી સાંજે ઘરે આવતાં તેઓએ તેમને ઉપરોકત હકીકતથી માહીતગાર કરેલા અને ફરીયાદી બે ચેકો લઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ. અને તે સમયે તેમા ભાઈએ તેઓને જણાવેલ કે '' અમોએ આવા કોઈ ચેકો લેવા માટે ભારમલજી(ફરીયાદી)ને મોકલેલ નથી. '' આમ જણાવેલ અને ત્યારબાદ તેઓની પાસે તેમના ભાઈએ ચેકોની માંગણી કરતાં ફરીયાદી તેમના ભાઈ પાસે નાણાંની માગણી કરવા લાગેલા અને કહેવા લાગેલ કે '' જો તમો મને સીધી રીતે મારી માંગણી મુજબના રુપિયા નહી આપો તો હું આ બંને ચેકો ભરી અથવા તો ભરાવરાવીને તમારી સામે કાર્યવાહી કરીશ.'' આમ આ મુજબની ધમકીઓ આપવા લાગેલા. વધુમા સોગંદ ઉપર જણાવેલ છે કે આ કામના ફરીયાદી જે ચેકો લઈ ગયેલ છે તે તેઓને ભોળવી ફોસલવીને ખોટી રીતે લઈ ગયેલ છ અને તેમના ભાઈએ ફરીયાદી સાથે કોઈ નાણાંકીય વ્યવહાર કરેલ નથી કે તેમની પાસે કોઈ રકમ લીધેલ નથી અને આમ ફરીયાદીએ તેઓને ભોળવી ફોસલાવી ખોટી રીતે ચેક મેળવી લીધેલ હોઈ જેથી તે અંગે તેમના ભાઈએ તા. ૧૪/૯/૨૧ ના રોજ ડીસા રુરલ પો.સ્ટે.માં આપેલ છે. અને આમ સદર હકીકતો ખરી હોઈ જેથી સોગંદ ઉપર જાહેર કરું છું.

સદર આરોપીના આ સાહેદની ફરીયાદપક્ષ તરફે કરવામાં આવેલી ઉ.ત.માં તેઓએ જણાવેલ છે કે ''મને ગુજરાતીમાં લખતા વાંચતા આવડતું નથી. હું અંગુઠો કરુ છુ. એ વાત ખરી છે કે મે નામ.કોર્ટમાં સોગંદનામું કરેલું છે તેમાં શું લખેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે એ

સોગંદનામામાં મે શું લખેલ છે તે મે વાંચેલ નથી. મે આ સોગંદનામામા સાથે મે કોઈ પોલીસ ફરીયાદ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ભારમલ જી. મકવાણ અને મોહનભાઈ ભીખાભાઈ દેસાઈ વચ્ચેનો વ્યવહાર હું જાણતો નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. ''

**-: <u>તા ર ણો</u> :-**

(૧૧) હાલના કામે બંન્ને પક્ષકારો તરફેની રજુઆત તથા કેસની હકીકતો ઘ્યાને લઈએ તો, આ કામના આરોપી વિરૂદધી ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે અને ફરીયાદીના કેસ મુજબ ફરીયાદીને આ કામના આરોપીએ ઈન્ડીયન ઓવરસીઝ બેંક, પાટણ શાખાનો ચેક નં.૬૭૮૩૬૮, રૂા.ર,૫૦,૦૦૦/–નો આપેલ. પરંતુ આરોપીના બેંક ખાતામાં ચેક સ્વીકારાય તેટલા પુરતા નાણાં ભંડોળ ના હોવાથી સદર ચેક " **ફંડસ ઈનસફીસીયન્ટ** " ના શેરા સાથે તા.ર૦/૯/રર ના રોજ રીટર્ન મેમા સાથે રીટર્ન થયેલ છે. ત્યારબાદ ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફત તા. ૧૮/૧૦/ર૦રર ના રોજ આરોપીને નોટીસ મોકલાવેલ. જે નોટીસ તા.૧૯/૧૦/ર૦રર ના રોજ આરોપીને બજી ગયેલ તેમછતાં આરોપીએ ફરીયાદીને ચેકની લેણી રકમ ચુકવી આપેલ ન હોય, જે અનુસંધાને ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

બંન્ને પક્ષકારોની રજુઆત સાથે ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

Section 138 :- Where any cheque drawn a person on account maintained by him with a banker for payment of any amount of money to

another person from out of that account for the discharge, in whole, or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an acgreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) The cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee of the holder in due course of the cheque as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due

course of the cheque within fifteen days of the receipt of the said notice.

Explanation - For the purposes of this secton "debt or other liability " means a legally enforceable debt or other liability.

ઉપરોક્ત કલમ વંચાણે લેતા ઉપરોક્ત કલમમાં આપવામાં આવેલ શરતો ન સંતોષાય તો ઉપરોક્ત કલમ– ૧૩૮ લાગુ પાડી શકાય નહી જેથી સૌપ્રથમ ઉપરોક્ત કલમમાં જણાવેલ શરતો સંતોષાય છે કે કેમ? તે જોવાનું રહે છે. ઉપરોક્ત કલમમાં પહેલી શરત એ છે કે, ચેક વટાવવા માટે ચેકની તારીખથી છ મહીના અથવા તે વૈધ્યતાના સમયગાળામાં બેંક સમક્ષ ચેક જમા કરાવવો પડે. હાલના કામે જોઈએ તો ચેક નં.૬૭૮૩૬૮ ની તા.૧૯/૯/૨૦૨૨ ના રોજની છે. જ્યારે ચેક રીટર્ન મેમો તા.૨૦/૯/૨૦૨૨ ના રોજ નો છે. આમ, ચેક સમયમર્યાદાની અંદર બેંક સમક્ષ રજુ કરવામાં આવેલ હોઈ તેથી આ શરત સંતોષાય છે.

વધુમાં જોઈએ તો ઉપરોક્ત કલમ લાગુ પાડવા માટેની બીજી શરત એવી છે કે, ચેક ડીસઓનર થયાના ત્રીસ દિવસની અંદર ફરીયાદી(payee) એ ચેક જારી કરનારને લેખિતમાં નોટીસ આપવી પડે. આ સંદર્ભે જોઈએ તો હાલના કામે ચેક રીટર્ન મેમો તા.૨૦/૯/૨૦૨૨ ના રોજ નો છે જ્યારે આરોપીને મોકલવામાં આવેલ નોટીસ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજની છે. આમ, ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસની અંદર આ કામના ફરીયાદીએ નોટીસ મોકલેલ હોય તે સ્પષ્ટ થાય છે. જેથી હાલના કામે આ બીજી શરત પણ સંતોષાય છે.

વધુમાં જોઈએ તો ઉપરોક્ત કલમની ત્રીજી શરત એવી છે કે, ઉપરોક્ત નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક જારી કરનારે ચેકની રકમ આપવામાં કસુર કરેલ હોવી જોઈએ. તે સંદર્ભે જોઈએ તો ફરીયાદી દ્વારા મોકલવામાં આવેલ નોટીસ આરોપીને તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે તેમછતાં ત્યારબાદના પંદર દિવસ માં રકમ ચુકવેલ નથી. ત્યારબાદ થી એક મહિનાની અંદર ફરીયાદ દાખલ કરવી પડે. જ્યારે હાલની ફરીયાદ તા.૨૯/૧૧/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલ હોઈ, જેથી ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨ મુજબ સમયમર્યાદામાં દાખલ કર્યાનું સ્પષ્ટ થાય છે.

આ કામે પક્ષકારો વચ્ચે મહત્વની તકરાર એવી છે કે, શું આ કામના ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂા.૨,૫૦,૦૦૦/– આરોપી પાસેથી લેવાના નીકળતા હતા? અને શું આ કામના આરોપીએ ફરીયાદીને આ લેણી રકમ રુા.૨,૫૦,૦૦૦/–પેટે હાલનો ચેક નં. ૬૭૮૩૬૮ નો આરોપીએ તેમની સહી કરીને ફરીયાદીના નામનો આપેલ હતો.?

આમ, બંન્ને પક્ષકારોની રજુઆતના સંદર્ભે કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈએ તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ નીચે મુજબ છે.

**Section 139 . Presumption in favour of holder -**

It shall be presumed, unless the holder of a cheque received by the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whose or in part, or any debt or other liability.

ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ અક્ટની કલમ– ૧૧૮ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

**Section 118. Presumptio as to Negotiable Instruments** - Until the contrary is proved, the following presumptions shall be mad :

(a) **of consideration** : that every negotiable instrument was made or drawn for consideraton, and that every such instrument when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted in, endorsed, negotiated or transferred for consideration,

(b) **as to date** : that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance** : that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer** : that every transfer of negotiable instrument was made before its maturity;

(e) **as to order of endorsement** : that the indor sements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp** : that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course** : that the holder of a negotiable instrument is a holder in due course; Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereofby means of an offence or fraud or for unlawful consideration, the burden of proving that the holder is a holder of negotiable lies upon him.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળના અનુમાન અને અનુમાનના ખંડનના સિધ્ધાંત ધ્યાને લેતા હાલના કામે પણ ફરીયાદવાળા ચેક ઉપરની સહી આરોપીની હોવાનું પુરવાર થતુ હોઈ ત્યારે નામદાર સુપ્રીમ કોર્ટના રંગપ્પા વિરૂધ્ધ ધી મોહનલાલના કિસ્સામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો કે જે AIR 2010 Suprem Court Page No. 1898 ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તે મુજબ કાયદાકીય અનુમાન કરવાનું રહે છે અને તેથી આરોપીએ એવા અનુમાનનું ખંડન કરવુ પડે.

(૧૨) આમ, આ કામે ફરીયાદ વાળો ચેક આરોપીના બેંક એકાઉન્ટથી સંબંધીત છે તથા તેમાં આરોપીની સહી છે તથા હાલ તે ફરીયાદીના કબજામાં છે તે હકીકત ધ્યાને લેતા, ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૧૮ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને આરોપીએ તે અનુમાનનું ખંડન (Rebutt) કરવું પડે.

(૧૨.૧) આરોપીએ તેવા અનુમાનનું ખંડન કરી શકેલ છે કે કેમ? તે અંગે જોઈએ તો બચાવપક્ષ તરફે એક એવો બચાવ લેવામાં આવેલ છે

કે,ચેકમાંની વિગત ફરીયાદીએ જાતે ભરી દીધેલ છે. આરોપીના આ બચાવ અંગે જોઈએ તો ફરીયાદવાળા ચેકમાંની વિગતો કોણે ભરેલ તે અંગે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભેની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ વંચાણે લેતા ચેક માની સહી ચેક ઈશ્યુ કરનારની હોવી જોઈએ તથા વિગતો ચેકના હોલ્ડર ભરી શકે. જેથી તે બચાવ મહત્વનો રહેતો નથી. જેથી તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ નથી.

(૧૩) વધુમાં આરોપી તરફે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(1) Amratji Bhathiji parmar Vs. The State of Gujarat and others Gujarat High Court CR.APPEAL No. 2443/2008 Dt.18/12/2024

(2) ShreeDattatrayaVs. SharanappaSupreme Court of India–CR. APPEAL No.3257/2024 Dt.07/08/2024

(3) Rajaram S/o. shri ramulu naydu Irs. Vs. Maruthachalam Irs. Supreme Court of India – CR.APPEAL No. 1978/2013 Dt.18/01/2023

(4) Milind shripad chandurkar Vs. kalim khan Supreme Court of India – CR. APPEAL No. 643/2011 D1.03/03/2011

(5) John k. Abraham v/s simon c Abraham & anr 2014 sar(Criminal) 66

(6) K. shubramani Vs. K. Damodara naidu Supreme Court of India CR APPEAL No. 2402/2014 Dt. 13/11/2014

(7) Vijay Vs. Laxman Supreme Court of India – CR. APPEAL No. 261/2013 Dt. 07/02/ 2013

(8) Rajnikant manilal patel Vs. nishant makwana Gujarat High Court CR.APPEAL No. 338/2011

(9) Ajana balkrishna Vs. Chhaya baban jagdale Bombay High Court – CR.APPEAL No. 425/2008 Di. 05/02/2008

(10) Krishna murajkar Vs. Joeferrao Bombay High Court – CR.APPEAL No. 6/2012 Dt. 19/07/2013

(11)A. Prakashan Vs. P.K. Surenderan Supreme Court of India – CR. APPEAL No. 1410/2007 Dt. 10/10/2007

(12)રાનડા દત્તા વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળ – DCR 2011(1)495(Cal)

(13) સુરેશચંદ્ર ચંદ્રશેખર જોષી વિ . ગુજરાત રાજય

(14)એમ.સેન ગુટ્ટુવાન વિ. મહાદેવસ્વામી ૨૦૦૭(૨)SCR 608 (Kar.)

(15) શોભા ચૌહાણ વિ. ગોપીચંદ ખત્રી (એમ.પી) DCR 2016(3) 568

(16) Meera S. Chipplunkar v/s Ashalata Rawji kondkar 2017(1) Crimes 349: 2016(1)BC 718

(17) M.S.Narayan v/s State of Kerala 2006(0) AIJEL SC 37343

ઉપરોકત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. જયારે આરોપીના ચેકનો ફરીયાદીએ દુર ઉપયોગ કરેલ હોય તેવું ખંડનાત્મક રીતે પુરવાર આરોપીપક્ષે કરેલ ન હોય તેવા સંજોગોમાં આ ચુકાદામાઓનો સિધ્ધાંત આરોપીને મદદરૂપ થતો નથી.

(૧૪) હાલના કામે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરુરી જણાય છે.

**1. Presumption as to Consideration — Section 118(a) N.I. Act**

**Text of the Law:**

> “Until the contrary is proved, the following presumptions shall be made:(a) that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration.”

**Legal Effect:**

Once the execution of a negotiable instrument (such as a cheque) is admitted or proved, the Court shall presume that it was issued for **valuable consideration**. The burden then shifts to the accused to rebut this presumption by raising a **probable defence**.

**Case Law:**

- **Kumar Exports v. Sharma Carpets, (2009) 2 SCC 513**
  — The Court held that the presumption under Section 118(a) is rebuttable, and the accused can rebut it by showing circumstances that make the existence of consideration improbable or doubtful.

---

## 2. Presumption as to Date — Section 118(b)

**Text of the Law:**

> "That every negotiable instrument bearing a date was made or drawn on such date."

**Legal Effect:**
The Court shall presume that the date mentioned on the negotiable instrument is the **actual date of its execution** unless proved otherwise.

---

## 3. Presumption as to Time of Acceptance — Section 118(c)

**Text of the Law:**

> "That every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before it became overdue."

**Legal Effect:**
The Court presumes that acceptance of a bill occurred within a **reasonable time** and before it became overdue.

---

## 4. Presumption as to Time of Transfer — Section 118(d)

**Text of the Law:**

> "That every transfer of a negotiable instrument was made before its maturity."

**Legal Effect:**
It is presumed that when a negotiable instrument is transferred, such transfer took place **before its due date**, unless the contrary is proved.

---

## 5. Presumption as to Order of Endorsements — Section 118(e)

**Text of the Law:**

> "That the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon."

**Legal Effect:**
The law presumes that endorsements were made **in chronological order** as they appear on the document.

---

## 6. Presumption as to Stamp — Section 118(f)

**Text of the Law:**

> "That a lost promissory note, bill of exchange, or cheque was duly stamped."

**Legal Effect:**
If the instrument is lost and cannot be produced, the Court presumes that it was properly stamped in accordance with law.

---

## 7. Presumption as to Holder in Due Course — Section 118(g)

**Text of the Law:**

> "That the holder of a negotiable instrument is a holder in due course."

**Legal Effect:**
The Court presumes that the holder obtained the instrument **for value, in good faith, and before maturity**, unless it is proved that the instrument was obtained through fraud, offence, or unlawful consideration.

--------------------------------------------------------------------------------

## 8. Presumption on Proof of Protest — Section 119

**Text of the Law:**

> "In a suit upon an instrument which has been dishonoured, the Court shall, on proof of the protest, presume the fact of dishonour, unless and until such fact is disproved."

**Legal Effect:**
In case of **foreign bills of exchange**, once protest is proved, dishonour is presumed.

---

## 9. Presumption in Favour of Holder — Section 139 N.I. Act

**Text of the Law:**

> "It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

**Legal Effect:**
Once the issuance and signature of the cheque are admitted, a presumption arises that the cheque was issued **for a legally enforceable debt or liability**. The burden shifts to the accused to rebut this presumption.

----------------------------------------------------------------------------------

In **C.C. Alavi Haji v. Palapetty Muhammed (2007)** Hon'ble Supreme Court of India held that, if the notice is sent by registered post / speed post to the correct address, then even if the drawer refuses, Or avoids, Or does not claim it, Notice is deemed to have been served.

----------------------------------------------------------------------------------

The Supreme Court, in the case of **Sripati Singh vs. The State of Jharkhand & Anr.**, clarified that the dishonour of a cheque issued as security can attract an offence under Section 138 of the Negotiable Instruments (NI) Act, 1881, provided there is a legally enforceable debt or liability existing at the time of the cheque's presentation. The bench, comprised of Justices M.R. Shah and A.S. Bopanna, observed that a security cheque is

not a "worthless piece of paper" in every circumstance.

આરોપીએ તેવા અનુમાનનું ખંડન કરી શકેલ છે કે કેમ? તે અંગે જોઈએ તો બચાવપક્ષ તરફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે, તેમના ચેકનો દુરૂપયોગ કરી તેમની પર ખોટો કેસ કરેલ છે. આ સંદર્ભે જોઇએ તો, આરોપીપક્ષ એવુ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, ફરીયાદીએ જો તેઓ દ્વારા આપવામાં આવેલ ચેકનો દુર ઉપયોગ કરેલ હોય તો તે અંગે આરોપીએ હાલના ફરીયાદી સામે કોઇ ફરીયાદ કે કાર્યવાહી કરેલ નથી. જેથી આરોપીનો બચાવ કે, ફરીયાદીએ સીકયુરીટી પેટે ચેક આપેલાનો દુર ઉપયોગ કરેલ છે તે ટકવાપાત્ર જણાય આવતો નથી.

વધુમાં, આરોપીએ દલીલના તબક્કે એક એવો બચાવ લીધેલ છે કે, ચેકની વિગતો ફરીયાદીએ જાતે ભરી દીધેલ છે. આરોપીના આ બચાવ અંગે જોઈએ તો ફરીયાદવાળા ચેકમાંની વિગતો કોણે ભરેલ તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભેની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૨૦ વંચાણે લેતા એક માની સહી ચેક ઈશ્યુ કરનારની હોવી જોઈએ તથા વિગતો ચેકના હોલ્ડર ભરી શકે. જેથી તે બચાવ મહત્વનો રહેતો નથી. જેથી તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ નથી.

વધુમાં બચાવપક્ષ તરફે તેઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૩૧૩ અન્વયેના નિવેદનમાં એવું જણાવેલ છે કે," **અમારા ઉપર ઠગાઈ કરી અમારા અમરસીંહભાઈ ઘરે હોવાથું**

**તેમને વિશ્વાસાં રાખી અમારી ચેકબુક લઈ અને ખોટો ચેક ભરેલ છે.**'' આમ, આરોપીનો બચાવ કે ફરીયાદીએ ચેકનો દુર ઉપયોગ કરેલ હોય તે અંગેની આરોપીએ કોઇ પણ ફરીયાદ કે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવી હકીકત આરોપી દ્વારા રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ખોટી ફરીયાદ કરેલ છે તે બચાવ ટકવાપાત્ર જણાય આવતો નથી. તેથી આ અંગેની સ્પષ્ટતા અને પુરાવાના અભાવે તેઓની આ સંદર્ભેની રજુઆત પણ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ સાથે વાંચતા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૧૮ ને ખંડીત કરવા પુરતી નથી.

(૧૫) વધુમાં, ફરીયાદીનો **આંક–૪** નો મૌખિક પુરાવો તથા ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતાં, ફરીયાદીએ આરોપીને આપેલ **તા.૧૮/૧૦/૨૦૨૨** ના રોજની **આંક–૯** વાળી નોટીસ આરોપીને **તા.૧૯/૧૦/૨૦૨૨** ના રોજ બજી ગયેલ છે.આમ આરોપીને નોટીસની જાણ થઈ ગયેલ હોવા છતાં આરોપીએ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧ ૩૮ (સી)**ની જોગવાઈ મુજબ પંદર દિવસની સમય–મર્યાદા ની અંદર **આંક–૯** ની નોટીસમાં જણાવ્યા મુજબના ફરીયાદીને ફરીયાદ વાળા ચેકના નાણા ચુકવી આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં, આરોપીએ ફરીયાદીને ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૮(બી)** ની જોગવાઈ મુજબની **આંક–૯** ની નોટીસમાં જણાવ્યા મુજબ ફરીયાદ વાળા ચેકના નાણા ફરીયાદીને ચુકવી આપેલ હોય તે બાબતનો કોઈ પુરાવો આરોપી તરફે રજુ કરવામાં

આવેલ નથી કે તેવો આરોપીનો કેસ પણ નથી. આમ, આરોપી એ ફરીયાદીને ધી નેગોસીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૮(બી)** ની જોગવાઈ મુજબની **આંક–૯** વાળી નોટીસ મળ્યાની પંદર દિવસની અંદર ફરીયાદીને ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **ક.૧૩૮(સી)** ની જોગવાઈ મુજબ નોટીસમાં જણાવેલ ફરીયાદ વાળા ચેકના નાણા ચુકવી આપેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી.

(૧૬) વધુમાં સ્પે. ક્રિ.એપ્લીકેશન નંબર–૫૯૧/૨૦૦૦ (ફેસલ તારીખ: ૧૫/૦૩/૨૦૦૧), પરેશભાઈ એમ. વાઘાણી વિરૂધ્ધ પંકજ મનસુખભાઈ સેજપાલ, ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં માનનીય ન્યાયમુર્તીશ્રી એસ.કે. કેસોટે સાહેબશ્રી એ જજમેન્ટના પેરા–૭ માં અવલોકન કરેલ છે કે, – In this complaint, three things are to be proved. First is that, the cheque has been drawn in favour of the drawee by the drawer. Second, on presentation of the cheque, it was dishonoured and third, on notice given to him within stipulated period, the amount has not been paid. These there things if are established then offence is proved and accordingly, drawer has to be convicted and sentenced.

સ્પે. ક્રિ.એપ્લીકેશન નંબર–૫૯૧/૨૦૦૦, પરેશભાઈ એમ. વાઘાણી વિરૂધ્ધ પંકજ મનસુખભાઈ સેજપાલ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના પેરા–૭ માં કરવામાં આવેલ અવલોકન મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરી શકેલ હોવાથી તથા સદરહુ કરેલ પુરાવાની મુલવણી મુજબ ફરીયાદ પક્ષ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૮** ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો

નિ:શકપણે પુરવાર કરી શકેલ છે તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી ના ખાતાનો ફરીયાદ વાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ફરીયાદ પક્ષ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે.

(૧૭) આમ, ઉપરોક્ત તમામ હકીકત, સંજોગો તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

–: **હુ ક મ**:–

(૧) હાલના કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(2) કેસની હકીકત તથા સંજોગો ધ્યાને લેતા સબબ કામ આરોપીની સજા બાબત સાંભળવા ઉપર રાખવામાં આવે છે.

સ્થળ:– ડીસા
તા.૨/૪/૨૦૨૬

(કુ. ઉર્મિલા મનુભાઈ આહિર)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ડીસા.
કોડ નં. જી.જે.૦૧૪૭૩.

-: વધુ હુકમ :-

ઉપરોક્ત ચુકાદો આરોપી તથા તેમના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી નાઓની રજુઆત છે કે અને સજા પ્રશ્ન અંગે જણાવેલ છે કે, આ કામના આરોપીનો પ્રથમ ગુનો છે તેમજ આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ નથી. તેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા નમ્ર અરજ કરેલ છે.

ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા કરવી જોઈએ તેમજ ફરીયાદીને મહત્તમ વળતર અપાવવું જોઈએ.

આમ, બંન્ને પક્ષકારોની રજુઆત તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ- ૧૩૮ નો ઉદેશ્ય ધ્યાને લઈ સમાજ ઉપર તેની ગંભીરતા આવે તે તમામ સંજોગો ધ્યાને લેતા તેમજ નામદાર સુપ્રીમકોર્ટના વિજયન સદાનંદ કે. ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ ૪૩૬ ની ગાઈડલાઈન્સ મુજબ સી.આર.પી.સી.ની કલમ- ૩૫૭(૩) મુજબ જો આરોપી દ્વારા વળતર ચુકવવામાં ના આવે તો તે કસુર બદલ સજા કરવા અંગેનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

આ કામે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ- ૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરેલા છે. તેમજ આવા ગુનાઓની ઉતરોતર વૃધ્ધી થવા પામી છે. તેમજ આરોપીએ રૂા.૨,૫૦,૦૦૦/- જેવી રકમનો ચેક ફરીયાદીને આપેલ છે. જે ચેક અપુરતા નાણાં ભંડોળને કારણે પરત ફરેલ છે. તે તમામ સંજોગો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ સજા ફરમાવું છું.

-: **આ ખ રી હુ ક મ**:-

(૧) હાલના કામે આરોપી મોહનભાઈ ભીખાભાઈ દેસાઈ, રહે.ઝાબડીયા, રામપુરાના પાટીયા પાસે, તા.ડીસા,જી.બનાસકાંઠા નાઓને ક્રિમી.પ્રોસી. કોડની કલમ- ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ- ૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય આરોપીને એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી. આર. પી. સી.કલમ-૩૫૭(૩) અન્વયે રૂા.૨,૫૦,૦૦૦/- (અંકે રુપિયા બે લાખ પચાસ હજાર પુરા)નું વળતર ફરીયાદીને આ હુકમની તારીખથી દિન-૬૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી વળતર ચુકવવામાં કસુર કરે તો તે કસુર બદલ આરોપીએ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીને ચુકાદાની એક નકલ તાત્કાલીક વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ: ડીસા**
**તા.૨/૪/૨૦૨૬**

**(કુ. ઉર્મિલા મનુભાઈ આહિર)**
**એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**ડીસા**
**કોડ નં. જી.જે.૦૧૪૭૩.**